જરૂરી

જા.ન. મા-૪/ગ્રા. એ./૨૦૨૦-૨૧/૨૦૨૨/૧૬૧૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન - ૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.૩૦/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ અનુદાનીત બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓ

વિષય: વર્ષ - ૨૦૨૦-૨૧ નું ગ્રાન્ટ એસેસમેન્ટ

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, તમારી શાળાનું વર્ષ - ૨૦૨૦-૨૧ નું સી.એ.ઓડિટ કરાવવાની કાર્યવાહી પૂર્ણ કરી હશે. કોઇ કારણોસર જો તમારા દ્વારા શાળાના વર્ષ - ૨૦૨૦-૨૧ નું સી.એ. ઓડિટ કાર્યવાહી પુર્ણ થયેલ ન હોય તો, તાત્કાલીક સી.એ.ઓડિટ કાર્યવાહી પુર્ણ કરી ઓડિટ મેમાની નકલ આગામી વર્ષના બજેટની માહિતી સાથે આ કચેરીમાં રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે છે.

શાળાના હિસાબી નિરીક્ષણનો કાર્યક્રમ આ સાથે સામેલ છે. તે મુજબ વર્ષ - ૨૦૨૦-૨૧ નો ગ્રાન્ટ એસેસમેન્ટ અને ગ્રાન્ટ એસેસમેન્ટ ફાઇલ પરથી ઓનલાઇન ડેટા એન્ટ્રી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેથી ગ્રાન્ટ એસેસમેન્ટ અંગેની ફાઇલ તમામ સાધનિક કાગળો - પત્રકો સહિત તૈયાર કરવી. ગ્રાન્ટ એસેસમેન્ટ સમયે ગત વર્ષના ગ્રા.એ.મેમામાં શાળાકિય માહિતીમાં ભૂલ જણાય તો તે સુધારા દર્શાવતું પત્રક પણ રજુ કરવું તમારી શાળાને ફાળવેલ તારીખે સમયે ગ્રાન્ટ એસેસમેન્ટ કરાવી લેવું. જેથી સમયસર સરકારશ્રી દ્વારા તૈયાર કરેલ ગ્રાન્ટ એસેસમેન્ટના સોફ્ટવેરમાં તેની ઓન લાઇન ડેટા એન્ટ્રી કરી શકાય.

વર્ષ-૨૦૨૦-૨૧ ના ગ્રાન્ટ એસેસમેન્ટ સમયે ૬૫% ખર્ચની વિગતો હેડવાઇઝ તૈયાર કરી સામેલ રાખવું. શાળાની ફી આવક કમિ.શ્રી મ.ભો.અને શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા ખાતાકિય ઓડિટ સમયે આપવાના પત્રક મુજબનું તૈયાર કરી ગ્રાન્ટ એસેસમેન્ટની ફાઇલમાં સી.એ.ઓડિટ મેમા સાથે રજૂ કરવું.ફી વિકલ્પ આવેલ શાળાએ નિયમાનુસાર લેવામાં આવેલ ફી ની વિગતનુ ધોરણવાર-વર્ગવાર વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે લીધેલ ફી નુ પત્રક રજુ કરવાનુ રહેશે.

જો નિયત સમયે તમારા દ્વારા ગ્રા.એ.કેમ્પમાં શાળાનું ગ્રાન્ટ એસેસમેન્ટ કરાવવામાં નહી આવે તો શાળાને હવે પછી આપવાની થતી નિભાવ અનુદાન/ એડવાન્સ સેલેરી ગ્રાન્ટ અટકાવવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

બિડાણ: ઉપર મુજબ

હિસાબી અધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત, જિ-સુરત

# વર્ષ: ૨૦૨૦-૨૧ ગ્રાન્ટ એસેસમેન્ટ કેમ્પ આયોજન સુરત

| ક્રમ | તારીખ | સમય | શાળા કોમ્પ્યુટર નં. | વિસ્તાર/ તાલુકો | કેમ્પનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૧/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૧૪૮ થી ૧૬૬, ૨૫૨, ૨૫૭ | પલસાણા/ કામરેજ | જે.પી.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, કામરેજ |
| ૨ | તા.૦૨/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૧૧૩ થી ૧૨૮ | બારડોલી/ મહુવા | જી.એચ.ભક્ત હાઈસ્કુલ, મહુવા |
| ૩ | તા.૦૪/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૧૨૯ થી ૧૪૭ | બારડોલી | જી.એચ.ભક્ત હાઈસ્કુલ, મહુવા |
| ૪ | તા.૦૫/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૨૦૧ થી ૨૧૫ | માંડવી/ માંગરોળ | ધ માંડવી હાઈસ્કુલ, માંડવી |
| ૫ | તા.૦૬/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૨૧૬ થી ૨૨૯, ૨૬૧ | માંગરોળ/ ઉમરપાડા/ માંડવી | ધ માંડવી હાઈસ્કુલ, માંડવી |
| ૬ | તા.૦૭/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૭૮ થી ૯૮ | ચોર્યાસી | ડી.પી.કન્યા વિદ્યાલય, ભીમપોર, |
| ૭ | તા.૦૮/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૯૯ થી ૧૧૨, ૨૪૯, ૨૫૧, ૨૫૬ | ઓલપાડ/ ચોર્યાસી | મહાદેવશાસ્ત્રી વિદ્યાલય, ઓલપડ |
| ૮ | તા.૧૧/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૩ થી ૧૪, ૨૧, ૨૨, ૨૩ | સુરત સીટી | અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ |
| ૯ | તા.૧૨/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૧૫ થી ૨૦, ૨૪ થી ૨૮, ૩૦, ૩૧, ૩૪,૩૫ | સુરત સીટી | અંબાબા હરીપુરા ગર્લ્સ હાઈસ્કુલ |
| ૧૦ | તા.૧૩/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૨૯, ૩૩, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૪૯, ૫૧ | સુરત સીટી | ગુરુકુળ કન્યા વિદ્યાપીઠ, કાસાનગર, કતારગામ, સુરત |
| ૧૧ | તા.૧૪/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૪૧, ૪૭, ૫૦, ૫૨ થી ૬૨, ૬૬ | સુરત સીટી | ગુરુકુળ કન્યા વિદ્યાપીઠ, કાસાનગર, કતારગામ, સુરત |
| ૧૨ | તા.૧૫/૦૭/૨૦૨૨ | ૧૦.૦૦ થી... | ૬૩, ૬૫, ૬૭, ૬૯, ૭૧ થી ૭૬, ૨૫૦, ૨૫૪, ૨૫૮ | સુરત સીટી | ગુરુકુળ કન્યા વિદ્યાપીઠ, કાસાનગર, કતારગામ, સુરત |